રહેણાંક વિસ્તારમાં સ્થિત આર.ટી.ઓ. કચેરીથી રહીશો તોબા

નંબર પ્લેટનું કામ કરતા માણસો ગાળો બોલતા મહિલાઓ ક્ષોભજનક સ્થિતિમાં

ગાંધીનગર, તા.૧૯

શહેરના 'ગ' માર્ગ પર સ્થિત હાઈટેક આર.ટી.ઓ. કચેરી આસપાસના રહીશો માટે સમસ્યારૂપ બની હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. નંબર પ્લેટનું કાઉન્ટર પર કામ કરતા માણસો અવ્યવહારુ વર્તન કરતા સ્થાનિક વિસ્તારમાં દુષણ પ્રવર્ત્યું હોવાનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે.

શહેરમાં સ્થિત આર.ટી.ઓ. કચેરી છેલ્લા કેટલાક સમયથી સ્થાનિક સેકટરવાસીઓ માટે શિરદર્દ સમાન બની હોવાનો આક્રોશ પ્રવર્ત્યો છે. આર.ટી.ઓ. કચેરી નજીક સ્થિત સે-૩-એ ન્યૂના વસાહતીઓ માટે અનેક સમસ્યાઓ ઉદભવી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સેકટરના સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ આર.ટી.ઓ કચેરીના લીધે રહીશોને રોજબરોજ અનેક હાલાકી વેઠવી પડે છે. કચેરીના સંકુલમાં નંબર પ્લેટ માટે કાઉન્ટર શરુ કરવામાં આવ્યું છે. જેમાં કામ કરતા માણસો મોટે મોટેથી બૂમો પાડી ગાળો બોલે છે- અવ્યવહારુ વર્તનના લીધે યુવતિઓ અને મહીલાઓએ પણ ક્ષોભજનક સ્થિતિમાં મુકાવવું પડે છે. રજાના દિવસે પણ કાઉન્ટર ચાલુ રહેતા રહીશોની તકલીફ વધી ગઈ છે. આ મામલે અગાઉ આર.ટી.ઓ. કમિશનર સમક્ષ રજૂઆત કરવા જતા કોઈ પગલા લેવાતા નથી. સ્થાનિક રહીશોની હાલાકી નિવારવા ત્વરિત કાર્યવાહી હાથ ધરવા ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

આંગણવાડીની ૭૦૦ બહેનોએ ઘ-૦ થી ઘ-૩ સુધી રેલી કાઢી

પગાર વધારો કરવા તથા બાલભોગ પ્રીમીકસ બંધ કરવા સહિતની માંગણીઓ માટે વિરોધ પ્રદર્શન : કલેકટર કચેરીએ આવેદનપત્ર સુપ્રત કર્યું

ગાંધીનગર, તા.૧૯

આંગણવાડીની કાર્યકરો અને હેલ્પરોને કામના કલાકો સામે વેતન નહીં અપાતા તથા સરકારી કર્મચારીમાં ગણતરી ન કરવામાં આવતા વિરોધ પ્રદર્શન માટે ગાંધીનગર શહેરના ઘ-૦ સર્કલથી સત્યાગ્રહ છાવણી સુધી રેલી કાઢવામાં આવી હતી અને રેલીને સભામાં ફેરવીને સત્યાગ્રહ છાવણી ખાતે સાંજ સુધી ધરણા કરી જિલ્લા કલેકટર કચેરીમાં જઈ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

કેન્દ્ર સરકાર દ્વારા તમામ આંગણવાડીના સમયમાં વધારો કરી દેવામાં આવ્યો છે. ૩ કલાકને બદલે હવે સમય વધારીને ૬ કલાક કરી દેવામાં આવ્યો છે. કામમાં બમણો સમય વધારી દીધો હોવા છતાં પગારધોરણમાં સ્હેજ પણ વધારો ન કરવામાં આવતા પગાર વધારો કરવા આંગણવાડી બહેનોએ માંગણી કરી હતી તે ઉપરાંત સરકારના થયેલી જી.આર. મુજબ ટી.એ., ડી.એ. પણ આંગણવાડીની બહેનોને ચુકવાતું નથી. બાળકોને આપવામાં આવતા બાલભોગ પ્રીમીકસથી મેદસ્વીપણું થતું હોવાની ફરીયાદો મળતા બાલભોગ પ્રીમીકસ પણ બંધ કરવાના પ્રશ્ન સહિતની વિવિધ માંગણીઓને પગલે આંગણવાડીની ૭૦૦થી વધુ મહિલાઓએ ગાંધીનગર શહેરમાં રેલી કાઢી હતી. ઘ-૦થી સત્યાગ્રહ છાવણી સુધી રેલી કાઢીને સભા કરી ધરણા કરવામાં આવ્યા હતા અને જિલ્લા કલેકટર કચેરીએ આવેદનપત્ર સુપ્રત કરી માંગણીઓ સંતોષવા ઉગ્ર રજુઆત કરી હતી.

હવે, જી.એસ.પી.સી. ગેસના બીલો નાગરિક બેંકમાં સ્વીકારાશે

ગ્રાહકોએ લાંબી લાઈનમાં ઉભું રહેવું નહીં પડે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક જે નગરજનોની સેવામાં હંમેશા તત્પર રહે છે. તે જ રીતે તેમની સેવાનો વ્યાપ વધારવાના ઉમદા આશયથી બેંકની તમામ શાખાઓમાં જી.એસ.પી.સી.ના ગેસના બીલો આજ રોજથી સ્વીકારવાનો આરંભ થયેલ છે.

ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક લિ. તથા જી.એસ.પી.સી.ના સંયુકત ઉપકમે ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંકની તમામ શાખાઓમાં જી.એસ.પી.સી.ના ગેસના બીલો સ્વીકારવાનો શુભારંભ કરવામાં આવશે. તારીખ ૨૦ જુન ૨૦૧૩ના રોજથી ગાંધીનગર નાગરિક બેંકની હેડ ઓફિસ, સેકટર-૧૬, સેકટર-૨૪ ચાર રસ્તા, ઘ-૨ શાખા, જુના સચિવાલય શાખા, જીઈબી શાખા, ચાંદખેડા શાખા આ તમામ શાખાઓમાં જીએસપીસીના ગ્રાહકોના બીલો રોકડા અને ચેક સ્વરૂપમાં વિધિવત સ્વીકારવાનો આરંભ થશે. જેમાં ગાંધીનગર નાગરિક બેંકના ચેરમેન અશોકભાઈ એચ. પટેલ પોતાના ઘરનું ગેસ લાઈનનું બીલ હેડ ઓફિસ ખાતે જમા કરાવી એ સેવાનો પ્રારંભ કરશે તેમ ગાંધીનગર નાગરિક બેંકના મેનેજીંગ ડિરેકટર શ્રી ઘનશ્યામભાઈ કે. પટેલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આધારકાર્ડ-બારકોડેડ રેશનકાર્ડ બાબતે પેન્શનર્સ સમાજની આજે ખાસ બેઠક

ગાંધીનગર, તા. ૧૯

આધારકાર્ડ અને નવા બારકોડેડ રેશનકાર્ડ મેળવવામાં પડતી મુશ્કેલીઓ અને તેના નિરાકરણ માટેની ચર્ચા કરવા ખાસ બેઠકનું આયોજન ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા આવતીકાલે તા. ૨૦મી જૂનના રોજ સાંજે ૪ વાગે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવ્યું છે.

ગાંધીનગર-પાટનગરમાં દસ હજારથી વધુ પેન્શનર્સ પરિવાર વસે છે. અને ગાં.તા. શહેર પેન્શનર્સ સમાજમાં પાંચ હજાર સભ્યો નોંધાયેલ છે. તાજેતરમાં મળેલ પદાધિકારીઓ અને સેક્ટર પ્રતિનિધિઓની બેઠકમાં તેમજ સેક્ટરોની બેઠકમાં બહોળી સંખ્યામાં પેન્શનરોએ આધાર કાર્ડ અને નવું રેશનકાર્ડ મેળવવામાં પડતી મુશ્કેલીઓ, સમયની બરબાદી અને અનેકવાર કોમ્પ્યુટર બગડી જવાની ફરિયાદ રજુ કરી હતી, જેના અનુસંધાને સંસ્થા તરફથી બન્ને કચેરીઓની ઝડપથી, સુગમતાથી, મુશ્કેલી વિના સમયસર આધારકાર્ડ અને રેશનકાર્ડ મળી જાય તે માટે રજુઆત લેખીત કરવામાં આવી હતી.

આ બાબતે આધારકાર્ડના બે અધિકારીશ્રીઓએ સંસ્થાના પ્રમુખશ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિ, કાર્યકારી પ્રમુખશ્રી જયંતભાઈ ભટ્ટ અને મહામંત્રી કે.ઓ. વ્યાસની રૂબરૂ મુલાકાત લઈ શહેર પેન્શનર્સ સમાજ, સ્થળ, સમય અને તારીખ સેક્ટરવાર ગોઠવી આપે તો તેઓ જે તે સ્થળે હાજર રહી ત્યાં જ આધારકાર્ડ કાઢી આપશે તેમ જણાવેલ હતુ. તેવી જ રીતે જિલ્લા પુરવઠા અધિકારીશ્રી સંજયભાઈ જોષીએ ફોન ઉપર જણાવ્યું હતું કે પેન્શનર્સ રૂબરૂ જુનુ કાર્ડ, પહોંચ સાથે લઈ આવશે તો ઝડપથી નવું રેશનકાર્ડ આપવામાં આવશે.

આના અનુસંધાને વિચારવિમર્શ માટે સેક્ટરવાર, સ્થળ, સમય અને તારીખ નક્કી કરવા માટે તારીખ ૨૦મી જુન-૨૦૧૩ ગુરૂવારની સાંજે ચાર વાગ્યે સંસ્થાના કાર્યાલય ઘ-૫ ૧૭/૨૨ ખાતે સેક્ટર પ્રતિનિધિઓ અને પદાધિકારીઓની એક ખાસ બેઠક રાખવામાં આવેલ છે, તો દરેક સેક્ટર પ્રતિનિધિ કા.વા. સમિતિના પદાધિકારીશ્રી અને કા.વા. સમિતિના સભ્યોને અચુક હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સે-૨૬ કિસાનનગર ખાતે રામપારાયણ જ્ઞાન યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ નવરાત્રી ચોક ખાતે ભવ્ય રામ પારાયણ જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ.પૂ. શ્રી તારાદેવીજી રામકથાનું સંગીતમય રસપાન ભકતજનોને કરાવશે. શહેરની ધર્મપ્રેમી જનતાને કથાનો લાભ લેવા જણાવાયું છે.

શહેરના સેકટર-૨૬ કિસાનનગર નવરાત્રી ચોક ખાતે બ્લોક નં. ૪૬/૨માં રહેતા સીતાબેન શંકરભાઈ પ્રજાપતિના મુખ્ય યજમાન પદે રામનારાયણ જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૧મી જૂન ૨૦૧૩ને શુક્રવારના રોજ કથાનો પ્રારંભ કરવામાં આવશે. બપોરે ૧ થી ૫ અને રાત્રે ૮ થી ૧૧ દરમિયાન પ.પૂ. તારાદેવીજીની વ્યાસપીઠે (લુણસર-રાજકોટ) રામપારાયણ જ્ઞાન યજ્ઞનું સંગીતમય રસપાન ભકતજનોને કરાવશે. કથાના ૩જા દિવસે રામજન્મ, ૫મા દિવસે રામ વિવાહ, ૭મા દિવસે ભરત મિલાપ, ૮મા દિવસે રામેશ્વર સ્થાપના સહિતના વિવિધ પ્રસંગો યોજાશે. સૌરાષ્ટ્રથી પણ સંતો મહંતો પધારી ભકતોને આર્શીવાદ આપશે. કથાની પૂર્ણાહુતી તા. ૨૯મી જૂન ૨૦૧૩ને શનિવારના રોજ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં જાનકી મહિલા મંડળ સે-૨૬, પ્રકાશભાઈ પટેલ, કોર્પોરેટર વોર્ડ નં.૧, પ્રેમબા હાંડા મહિલા શહેર પ્રમુખ, પટેલ રાજુભાઈ કે.-અંબિકા કોમ્યુનિકેશન, રાધાકૃષ્ણ સખી મંડળ, દર્શનાબેન ભટ્ટ, સખી મંડળ સે-૨૭, ગોપી મહિલા મંડળ સે-૨૫ સહિતના ભાઈ બહેનો કથામાં સાથ અને સહકાર આપશે.

ગ-૪ મહાત્મા મંદિર આગળ પાણીની પાઈપલાઈનમાં ભંગાણ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર ગ-૪ મહાત્મા મંદિર આગળ આજે સવારથી જ પાણીની પાઈપલાઈનમાં અચાનક ભંગાણ થતા પાણી રોડ ઉપર આવી જવા પામ્યું હતું. પાણી લીક થવાથી જુના સેક્ટરોમાં પાણીનો ફોર્સ ખુબજ નજીવો માલુમ પડ્યો હતો

ગ-૪ મહાત્મા મંદિર ચોકડી ઉપર આજે સવારના સમયે અચાનક જ પીવાના પાણીની પાઈપલાઈન લીકેજ થતાં જ તંત્ર દોડતુ થયું હતું. અને બપોર સુધીમાં તો તંત્ર દ્વારા એ ભંગાણ શોધી તેને રીપેરીંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને અધિકારીઓ સાથે વાત કરતા તેમને જણાવ્યું હતું કે સાંજ સુધીમાં આ સંપૂર્ણ કામગીરી પુરી કરવામાં આવશે.

શ્રીદત્ત મંદિરે જયેષ્ઠ કૃષ્ણ સપ્તમી અને પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮ ખાતે આવેલ શ્રી દત્ત મંદિરે તા. ૨૯ જૂન ૨૦૧૩ના મંગલદિને અઠ્ઠાવીસ વર્ષ પુરા કરી ઓગણત્રીસમાં વર્ષમાં પ્રવેશ કરશે જેના આ મંગલ પ્રસંગે ત્રણ દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેના નારેશ્વર સર્વધર્મકર્મના આચાર્ય સર્વદમનભાઈ દેસાઈના આચાર્યપદે શ્રી દત્તયાગ કરવાનો મનોરથ સેવ્યો છે.

શ્રીદત્ત મંદિર ખાતે તા. ૨૯મી જૂન-૨૦૧૩ના રોજ યોજાનાર જયેષ્ઠ કૃષ્ણ સપ્તમીમાં સવારે ૮.૩૦ કલાકે નૂતન ધ્વજારોહણ, ૧૦ કલાકે દત્તયાગ પ્રારંભ, સાંજે ૫.૩૦ કલાકે દત્તયાગ પૂર્ણાહૂતિ અને સાંજે ૭ કલાકે મહાપ્રસાદ યોજાશે. જ્યારે તા. ૨૭મી જૂનના રોજ રાત્રે ૮.૩૦થી ૧૧ વિપુલભાઈ ચૌધરી ત્રિવેદી દ્વારા ભજન અને ૨૮મી જૂનને રાત્રે ૮.૩૦થી ૧૧ કલાક દરમિયાન શ્રીદત્ત ભાવની પાઠ (૧૦૦૮) યોજાશે.

આઈસીઆઈસીઆઈ પ્રુડન્શયલ અને ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સંયુકત ઉપકમે 'પેન્શનર્સ મીટ ૨૦૧૨-૧૩' યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સ્ટાફ ટ્રેનીંગ સેન્ટરના ઓડીટોરીયમ ખાતે ગાંધીનગર શહેર પેન્શનર સમાજ અને આઈસીઆઈસીઆઈ-પ્રુડન્શયલ લાઈફ ઈન્સ્યોરન્સના સંયુકત ઉપકમે તાજેતરમાં 'પેન્શનર્સ મીટ ૨૦૧૨-૧૩' યોજાઈ ગઈ. પાટનગરના પેન્શનરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રમુખ શ્રી જયંતભાઈ ભટ્ટ અને મહામંત્રી શ્રી કે.ઓ. વ્યાસ, કંપનીના પદાધિકારીશ્રી હર્ષદભાઈ ઠાકર, પ્રવિણાઈ રાઠોડ, રાકેશભાઈ સકસેના અને સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના શ્રી સતિષભાઈ વોરા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. ૩૦૦ પેન્શનર સભ્યો સાથે સંસ્થાના સંસ્થાના અન્ય પધાધિકારીશ્રી સૂર્યકાંત બારોટ, સોમાભાઈ પરમાર, જે.જે. ત્રિવેદી, રમેશભાઈ દવે, ધીરજભાઈ સંઘાણી, ઠાકોરભાઈ શેઠ, નરેન્દ્રભાઈ જાની, પંઢરીનાથ જગતાપ, પ્રવિણભાઈ ત્રિવેદી, ખુશાલભાઈ પરમાર, વિગેરેએ વિચાર વિમર્શ આદાન પ્રદાનમાં સક્રીય ભાઈ લઈ પેન્શનર્સ મીટને જીવંત બનાવી હતી. પ્રશ્નોત્તરીમાં સર્વ શ્રી પંડિત પરમાર, વિભાકર જથ્થલે 'લાઈફ ઈન્સ્યોરન્સ' પ્લાન પર સક્રીય રીતે ભાગ લીધો હતો. કેટલાક મિત્રોએ આક્રોશ પણ રજુ કર્યો હતો. જેના પ્રત્યુત્તરમાં ઝોનલ મેનેજર શ્રી રાકેશભાઈ સકસેનાએ સંતોષકારક જવાબ આપ્યા હતા. ઘણા પેન્શનરોએ આઈસીઆઈસીઆઈ ઈન્સ્યોરન્સમાં રસ પણ દર્શાવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી થઈ હતી. કાર્યક્રમનું સંચાલન અને ઉદબોધન ચિરાગ પંડયાએ તથા પ્રવિણભાઈ રાઠોડે કર્યું હતું. સંસ્થાના પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિ કારણવસાત હાજર રહી શકેલ ન હતા પરંતુ તેમણે મીટની સફળતાની શુભેચ્છા પાઠવી હતી. શ્રી હર્ષદ ઠાકરે રસપ્રદ માહિતી આપી હતી મીટના અંતે શ્રી રાઠોડે આભાર દર્શન કરેલ હતું.

એનિમલ હસબન્ડ્રી સ્ટાફ કો.ઓ. કેડીટ સોસાયટીના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત રાજય એનિમલ હસબન્ડ્રી સ્ટાફ કો.ઓ. કેડીટ સોસાયટી લી. ગાંધીનગરની ૪૭મી વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમાં ડૉ. ડી.બી. રામોલ દ્વારા વર્ષની કાર્યસિદ્ધનો ચિતાર રજૂ કરેલ. તથા તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

૨૦૧૩-૧૪ના વર્ષ માટેની કાર્યવાહક કમિટિની રચના કરવામાં આવી. જેમાં ગુજરાત રાજય એનિમલ હસબન્ડ્રી સ્ટાફ કો.ઓ. કેડીટ સોસાયટી લી. ગાંધીનગર પ્રમુખ તરીકે ડૉ. ડી. બી. રાઓલ તથા ઉપપ્રમુખ એન. કે. વાઘેલા અને મંત્રી આર. ડી. ત્રિવેદી, લોન મંત્રી વી.કે. પટેલ, સહમંત્રી એમ. એચ. પંડ્યા, ખજાનચી એમ.એસ. ગોહેલ, એન. કે. દંતાણી કારોબારી સભ્ય જી.એચ. પટેલ, કારોબારી સભ્ય કે. એ. પરમાર કારોબારી સભ્ય તરીકે નિમણૂક પામેલ છે.

ગાંધીનગર રેલ્વે સ્ટેશન પર પોલીસ સ્ટાફ વધારવા રજૂઆત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર કેપીટલ રેલ્વેસ્ટેશન અને નગરની રેલ્વે સેવાઓ શરૂ થઈ અને પેસેન્જર ટ્રેઈન ૧૪-૪-૧૯૭૯ના રોજ શરૂ કરવામાં આવી. ત્યારબાદ તબક્કાવાર ધીમી ગતિએ વિકાસ પ્રાંગર્યો છે. છતાં કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સંભાળતી રેલ્વે પોલીસ વ્યવસ્થામાં કોઈપણ પ્રકારનો વધારો થયો નથી.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા દ્વારા રેલ્વે વિભાગના આઈ.ટી.પી. સમક્ષ રજૂઆત કરતાં સ્ટેશન પર કોઈ જવાબદાર અધિકારી હોતા નથી. જેથી સ્ટેશન માટે મુકરર સ્ટાફ અન્ય સેવામાં મોકલાય છે. પોલીસ સંપર્ક કરવા માટે ફોન, ચોકી, નથી ફરિયાદ કોને કરવી તે પ્રશ્ન રહે છે.

રાત્રીની ટ્રેનો ગાંધીનગર આવે છે તે મુસાફરોને શહેરમાં જવા મુશ્કેલી પડે છે. પોલીસ દ્વારા રીક્ષાઓને પ્રવેશ કરવા દેતા નથી. રીક્ષા સ્ટેન્ડ, મુસાફરોની સલામતીના પ્રશ્નોની વ્યવસ્થા ગોઠવેલ છે. આ અંગે ઉચ્ચકક્ષાએ પત્રોથી લેખીત રજૂઆત કરેલ છે.

સ્વસ્થ સમાજનાં નિર્માણ માટે મહિલાઓએ આગળ આવવાની જરૂર

ગાંધીનગર, તા. ૧૯

આ શબ્દો છે એક મહિલા પોલીસ અધિકારીનાં જેમણે ગાંધીનગરની મહિલાઓને સંબોધિત કર્યા. પોલીસ અને પ્રજા વચ્ચેના એક સેતુબંધ બંધાય તે હેતુથી એક સુંદર કાર્યક્રમ સે. ૨૨ મહિલા સિવણ વર્ગ ખાતે યોજાઈ ગયો.

જી.ઈ. ક્લબ દ્વારા આયોજીત આ બહેનોલક્ષી કાર્યક્રમમાં ગાંધીનગર મહિલા પોલીસ અધિકારી મીનાક્ષીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ હાજર વડીલ બહેનોનાં આશીર્વાદ મેળવ્યા હતા. અને મહિલાઓને બહેનોલક્ષી કાયદા વિશે સરળ અને સાદી ભાષામાં સમજણ આપી હતી. જીવનનાં દરેક તબક્કે સ્ત્રીઓએ મજબૂત થવાની જરૂર છે. ક્યાંક, દીકરી, બહેન, વહુ, માતાનો વિવિધ સ્થાને જાગૃતતા અને સતર્કતા ખુબ જરૂરી છે અને તે માટે પોલીસ તેમને સહાયરૂપ અવશ્ય થશે જ. પરંતુ પહેલા બહેનોએ આગળ આવવું જ પડશે.

આ કાર્યક્રમમાં હાજર મીરાં ભજન મંડળ મહિલાઓએ અને મહિલા સિવણ ક્લાસમાં અભ્યાસ કરતી બહેનોએ પોલીસ અધિકારી મીનાક્ષીબેન પટેલ પાસેથી પોલીસની કામગીરી અને કાયદા વિષયક માહિતીઓ મેળવી હતી.

પોલીસ-પ્રજા વચ્ચેનાં આ સેતુબંધ કાર્યક્રમના મુખ્ય અતિથિ ગાંધીનગર મહિલા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેક્ટર મીનાક્ષીબેન પટેલનું સ્વાગત મહિલા સિવણ વર્ગનાં સંચાલિકા સુમનબેન જાદવે તેમજ મીરા ભજન મંડળનાં ઈન્દુમતી નિમાવત અને અન્ય બહેનોએ સુતરની આંટીથી કર્યું હતું.

કાર્યક્રમનું સફળ સંચાલન જી.ઈ. ક્લબનાં કશ્યપ નીમાવતે કર્યું હતું. જ્યારે આભારવિધિ ઈન્દુબેન નિમાવતે કરી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬
સૂર્યાસ્ત : ૭.૧૩

તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૭૧ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મેન ઓફ સ્ટીલ ૩ડી (હિન્દી): ૧૦.૨૦, ૧.૨૦,૪.૨૦, ૭.૨૦, ૧૦.૨૦

: સ્ક્રીન-૨ :
યે જવાની હૈ દિવાની ૨ : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
મેન ઓફ સ્ટીલ ૨ડી (હિન્દી) : ૯.૦૦
યમલા પગલા દિવાના ૨ : ૧૨.૦૦, ૩.૦૦, ૯.૦૦
યે જવાની હૈ દિવાની : ૬.૦૦

: સ્ક્રીન-૪ :
ફુકરે : ૮.૫૦, ૧૧.૩૫, ૨.૨૦, ૫.૦૫, ૭.૫૦, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

ફુકરે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મિ. અવતાર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ફુકરે : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
મેન ઓફ સ્ટીલ : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
અંકુર અરોરા મર્ડર કેસ : ૧૦.૦૦,
યમલા પગલા દીવાના-૨ : ૧૨.૧૫, ૬.૧૫
યે જવાની દીવાની : ૩.૧૫, ૯.૧૫

વિરાગ, કલોલ

પ્રીત છૂટે નહિ સાથ છૂટે નહિ - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

● કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'હેલ્લો પાકિસ્તાની હું ગુજરાતી' નામક નાટક પ્રસ્તુત રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : વિશેષ લેવડ-દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપાર માં પ્રગતિ થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

વૃશ્ચિક : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

ચિરવિદાય

● સ્વ. પ્રકાશભાઈ નરહરીપ્રસાદ ત્રિવેદી (ઉ.વ.૫૪) પ્લોટ નં. ૮૮૫/૧, સેકટર-૧૨/સી, ગાંધીનગર.

● સ્વ. શિવાજી પૂંજાજી ઠાકોર (ઉ.વ.૨૪) કુબેરનગર, મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.